પેટ્રોલ પુરાવવા જેટલા જ સમયમાં EV થશે ચાર્જ

ચીનની CATL કંપનીએ લોન્ચ કરી માત્ર ૬ મિનિટમાં ચાર્જ થતી બેટરી!

બીજિંગ, તા. 22: ઈલેક્ટ્રિક વાહન (EV) ક્ષેત્રે એક ક્રાંતિકારી પરિવર્તન આવવા જઈ રહ્યું છે. વિશ્વની સૌથી મોટી બેટરી ઉત્પાદક કંપની CATL (Contemporary Amperex Technology Co Ltd)એ તેની નવી પેઢીની ‘Shenxing’ લિથિયમ-આયર્ન-ફોસ્ફેટ બેટરી રજૂ કરી છે, જે ચાર્જિંગના તમામ જૂના રેકોર્ડ તોડી રહી છે. નવી ટેકનોલોજીની મદદથી આ બેટરી માત્ર ૬ મિનિટ અને ૨૭ સેકન્ડમાં ૧૦% થી ૯૮% સુધી ચાર્જ થઈ શકે છે. જો તમારી પાસે સમય ઓછો હોય, તો માત્ર ૧ મિનિટ (૬૦ સેકન્ડ)ના ચાર્જિંગમાં પણ ગાડીને ૩૫% સુધી પાવર મળી શકે છે. આ સ્પીડ અત્યાર સુધીની ઈન્ડસ્ટ્રીની સરેરાશ કરતા અનેકગણી વધારે છે. સામાન્ય રીતે EV બેટરીઓ ઠંડીમાં ધીમી પડી જતી હોય છે, પરંતુ CATL એ આ સમસ્યાનો પણ તોડ કાઢ્યો છેઃ -૩૦C જેટલા નીચા તાપમાને પણ આ બેટરી માત્ર ૯ મિનિટમાં ૧૦% થી ૯૮% ચાર્જ થઈ શકે છે. બેટરી પોતાની જાતે જ ગરમી પેદા કરી શકે તેવી સિસ્ટમ વિકસાવવામાં આવી છે, જેથી આર્ક્ટિક જેવા પ્રદેશોમાં પણ તે કામ આપી શકે. કંપનીના જણાવ્યા અનુસાર, બેટરીની અંદરના ઈલેક્ટ્રિકલ રેઝિસ્ટન્સ (અવરોધ) ને ઘટાડીને અડધો કરી દેવામાં આવ્યો છે. આ નવી બેટરીનો રેઝિસ્ટન્સ માત્ર ૦.૨૫ મિલીઓહ્મ છે, જે અત્યાર સુધીની કોઈપણ કોમર્શિયલ બેટરીમાં સૌથી ઓછો છે. આનાથી ઉર્જાનું સ્થાનાંતરણ અત્યંત ઝડપથી થાય છે. ગયા મહિને ચીની કંપની BYD એ ૯ મિનિટમાં ફૂલ ચાર્જિંગનો રેકોર્ડ બનાવ્યો હતો, જેને CATL એ તોડી નાખ્યો છે. તેની સરખામણીમાં હ્યુન્ડાઈ અને પોર્શે જેવી લક્ઝરી કારની બેટરીઓને ૮૦% ચાર્જ થતા અંદાજે ૧૮ મિનિટ લાગે છે.

‘રિયલ મની ગેમ્સ’ પર દેશવ્યાપી પ્રતિબંધ

૧ મે, ૨૦૨૬થી અમલી બનશે નવા ગેમિંગ નિયમો

મની ગેમ ન હોય તેવી ગેમ્સ માટે રજિસ્ટ્રેશન અત્યારે મરજિયાત, ઈ-સ્પોર્ટ્સ માટે રજિસ્ટ્રેશન ફરજિયાત

પ્રતિબંધિત મની ગેમ્સ રમાડવા બદલ 3 વર્ષની અને તેની જાહેરાત કરવા બદલ 2 વર્ષની જેલ

મની ગેમ્સને અટકાવવા બેંકોની પણ ભૂમિકા નક્કી કરાઈ

નવી દિલ્હી, તા. 22 (પીટીઆઈ): કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલયે બુધવારે ‘પ્રોમોશન એન્ડ રેગ્યુલેશન ઓફ ઓનલાઈન ગેમિંગ એક્ટ, 2025’ હેઠળ નવા નિયમોની જાહેરાત કરી છે. આ નવા નિયમો 1 મે, 2026 થી સમગ્ર દેશમાં અમલી બનશે, જેનો મુખ્ય હેતુ ડિજિટલ ગેમિંગ ક્ષેત્રનું નિયમન કરવું અને યૂઝર્સની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે.

નવા નિયમો મુજબ, ગેમ્સને ત્રણ શ્રેણીમાં વહેંચવામાં આવી છેઃ ઓનલાઈન સોશિયલ ગેમ્સ, ઈ-સ્પોર્ટ્સ અને ઓનલાઈન મની ગેમ્સ. આ કાયદા હેઠળ પૈસાની હાર-જીત વાળી ‘રિયલ મની ગેમ્સ’ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આવી સેવાઓ આપનારને 3 વર્ષ સુધીની જેલ અને 1 કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે, જ્યારે તેની જાહેરાત કરનારને પણ બે વર્ષ સુધીની જેલ અને રૂ. 50 લાખ સુધીનો દંડ થઈ શકે છે. ઈ-સ્પોર્ટ્સ માટે ફરજિયાત નોંધણી જરૂરી રહેશે, જ્યારે રિયલ મની સામેલ ન હોય તેવી સોશિયલ ગેમ્સ માટે નોંધણી મરજિયાત રાખવામાં આવી છે.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે સામાન્ય સોશિયલ ગેમ્સ માટે રજિસ્ટ્રેશન કરાવવું અત્યારે ફરજિયાત નથી. ઓથોરિટી માત્ર ત્રણ સ્થિતિમાં જ ગેમની શ્રેણી નક્કી કરવા માટે દખલ કરશેઃ (1) ઓથોરિટી પોતાની મેળે તપાસ કરવા માંગતી હોય, (2) જો તે ઈ-સ્પોર્ટ્સ હોય અથવા (3) સરકાર કોઈ ખાસ કેટેગરીની ગેમ માટે સૂચના આપે. હાલમાં આવી કોઈ વિશેષ કેટેગરી જાહેર કરવામાં આવી નથી.

જોકે ઈ-સ્પોર્ટ્સ માટે રજિસ્ટ્રેશન ફરજિયાત છે.

નિયમોમાં પ્રથમ વખત ‘યૂઝર સેફ્ટી ફીચર્સ’નો ખ્યાલ રજૂ કરાયો છે. જેમાં ઉંમરની ચકાસણી, પેરન્ટલ કંટ્રોલ, રમવાનો સમય નક્કી કરવો, કાઉન્સેલિંગ સપોર્ટ અને ગેમમાં પ્રામાણિકતા જળવાય તે માટેનું મોનિટરિંગ સામેલ છે. ગેમ પ્રોવાઈડરોએ રજિસ્ટ્રેશન વખતે આ ફીચર્સની વિગતો જાહેર કરવી પડશે.

બેંકોએ એ સુનિશ્ચિત કરવું પડશે કે નાણાકીય વ્યવહારો માત્ર કાયદેસર અને રજિસ્ટર્ડ ગેમિંગ કંપનીઓ સાથે જ થાય. જો ઓથોરિટી કોઈ ગેમને ‘મની ગેમ’ જાહેર કરે, તો બેંકોએ તેના તમામ ટ્રાન્ઝેક્શન તાત્કાલિક અટકાવવા પડશે. બેંકો વધુ ટ્રાન્ઝેક્શનના કિસ્સામાં રજિસ્ટ્રેશન સર્ટિફિકેટની માંગણી પણ કરી શકે છે.

સાયબર સેલના પોલીસ અધિકારીઓ આ કાયદા હેઠળના ગુનાઓની તપાસ કરવા માટે અધિકૃત રહેશે. આઈટી સચિવ એસ. કૃષ્ણને જણાવ્યું હતું કે સરકાર આ નિયમોને શક્ય તેટલા હળવા રાખવા માગે છે જેથી ઉદ્યોગના વિકાસમાં અવરોધ ન આવે.

કોઈ ગેમ ‘મની ગેમ’ છે કે નહીં તે નક્કી કરવાની પદ્ધતિ

1. શું ગેમમાં જોડાવા માટે કોઈ પણ તબક્કે ફી કે પૈસા જમા કરાવવા પડે છે?
2. શું ગેમમાં જીતેલા ઇનામો કે એસેટ્સને ગેમની બહાર વાસ્તવિક રોકડમાં ફેરવી શકાય છે?
3. ગેમનું રેવન્યુ મોડલ કેવું છે?

ડિજિટલ ગેમિંગ ક્ષેત્ર પર નજર રાખવા માટે પાવરફુલ ઓથોરિટી બનશે

આ નિયમોના અમલીકરણ માટે ‘ઓનલાઇન ગેમિંગ ઓથોરિટી ઓફ ઈન્ડિયા’ની રચના કરવામાં આવશે, જેના વડા આઈટી મંત્રાલયના એડિશનલ સેક્રેટરી રહેશે. આ ઓથોરિટી પાસે સિવિલ કોર્ટ જેવી સત્તાઓ હશે, જે ગેમ્સના પ્રકાર નક્કી કરશે અને ફરિયાદોનું નિવારણ કરશે. આ તમામ પ્રક્રિયા ડિજિટલ રહેશે. આ ઓથોરિટીમાં આઈટી મંત્રાલય ઉપરાંત ગૃહ મંત્રાલય, નાણા મંત્રાલય, માહિતી અને પ્રસારણ મંત્રાલય, રમતગમત મંત્રાલય અને કાયદા મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી સ્તરના અધિકારીઓ સભ્ય તરીકે રહેશે.

ટ્રમ્પના યુદ્ધવિરામ નિર્ણય બાદ સોશિયલ મીડિયા પર ‘TACO’ ટ્રેન્ડ

ટ્રમ્પ હંમેશા ડરી જાય છે”: ઈરાન મુદ્દે ટ્રમ્પના યુ-ટર્ન પર મીમ્સનું ઘોડાપૂર

નવી દિલ્હી, તા. 22: અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાન સાથેના યુદ્ધવિરામને છેલ્લી ઘડીએ અનિશ્ચિતકાળ માટે લંબાવવાની જાહેરાત અને હોર્મુઝની સામુદ્રધુનીની નાકાબંધી ચાલુ રાખવાના નિર્ણય બાદ સોશિયલ મીડિયા પર મીમ્સનું પૂર આવ્યું છે. ઈન્ટરનેટ યુઝર્સ ટ્રમ્પની ‘કડક છબિ’ સામે તેમના આ નિર્ણયની ભારે મજાક ઉડાવી રહ્યા છે.

ઘણા યુઝર્સ આ પરિસ્થિતિને 1993ની ફિલ્મ ‘ગ્રાઉન્ડહોગ ડે’ સાથે સરખાવી રહ્યા છે, જેમાં મુખ્ય પાત્ર એક જ દિવસ વારંવાર જીવે છે.

લોકોનું કહેવું છે કે ઈરાન સાથેના યુદ્ધમાં પણ રોજ એકની એક વાતો થઈ રહી છે. ખાસ કરીને ‘ટેકો’ (TACO) શબ્દ વાયરલ થયો છે, જેનો અર્થ લોકો ‘Trump Always Chickens Out’ (ટ્રમ્પ હંમેશા ડરીને પીછેહઠ કરે છે) કરી રહ્યા છે. એક મીમમાં ટ્રમ્પને ઈરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈ સામે ઘૂંટણિયે બેસી ટેકો (મેક્સિકન વાનગી) પીરસતા બતાવાયા છે. અન્ય મીમ્સમાં ઉપપ્રમુખ જેડી વેન્સની પણ મજાક ઉડાવાઈ છે, જેમાં તેમને પાકિસ્તાનમાં ઈરાની પ્રતિનિધિમંડળની કલાકો સુધી રાહ જોઈને ઊંઘી ગયેલા બતાવાયા છે.

હિમાચલના ચંબામાં પાકિસ્તાની બલૂન મળતા ફફડાટ

શિમલા, તા. ૨૨ (PTI): હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લાના એક ગામ પાસે ઝાડીઓમાંથી બુધવારે અંગ્રેજીમાં ‘પીઆઈએ’ લખેલું અને પાકિસ્તાનના રાષ્ટ્રીય ધ્વજની છાપ ધરાવતો એક સફેદ અને વાદળી રંગનો બલૂન મળી આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. નાગલી ગ્રામ પંચાયતના પૂર્વ પ્રધાને આ બલૂન જોયો હતો અને ખૈરી પોલીસ સ્ટેશનને જાણ કરી હતી. ત્યારબાદ, ડેલહાઉસીના ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (ડીએસપી) મયંક શર્માના નેતૃત્વમાં એક પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. પોલીસે બલૂનને પોતાના કબજામાં લઈ પ્રોપર્ટી રૂમમાં સુરક્ષિત રાખ્યો છે અને આ મામલે તપાસ શરૂ કરી છે. ગ્રામજનોએ જણાવ્યું હતું કે, થોડા દિવસો પહેલાં જ આ વિસ્તારમાં આવો જ એક બલૂન જોવા મળ્યો હતો, જે આ પ્રકારની બીજી ઘટના છે. રાજ્યના અનેક જિલ્લાઓમાં સમયાંતરે આવા બલૂન મળી આવતા હોય છે.

વિદાય વેળાએ રખડતા કૂતરાનો આતંક, 60થી વધુ મહેમાનોને બચકાં ભર્યાં!

લગ્ન મંડપમાં કૂતરાએ મચાવ્યો કહેર

બદાયું (યુપી), તા. ૨૨ (પીટીઆઈ): ઉત્તર પ્રદેશના બદાયુંમાં એક બેન્ક્વેટ હોલ ખાતે કન્યાની વિદાય વેળાએ એક રખડતા કૂતરાએ આતંક મચાવતાં મહેમાનો અને પરિવારના સભ્યો સહિત 60થી વધુ લોકોને બચકાં ભરી ઘાયલ કર્યા હતા, જેના કારણે ભારે ગભરાટ અને અરાજકતા ફેલાઈ હતી. એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું.

આ ઘટના સોમવારે બિસૌલી પોલીસ સ્ટેશનની હદમાં બિલ્સી રોડ પર આવેલા અભિનંદન બેન્ક્વેટ હોલમાં બની હતી, જ્યારે કૂતરો પરિસરમાં ઘૂસી ગયો હતો અને લોકો પર અંધાધૂંધ હુમલો કરવાનું શરૂ કર્યું હતું.

પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, અચાનક થયેલા હુમલાને કારણે નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ હતી, જેમાં મહિલાઓ અને બાળકો બચવા માટે ચીસાચીસ કરીને દોડવા લાગ્યા હતા, કેટલાક લોકો તો દોડધામમાં પડી જવાથી પણ ઘાયલ થયા હતા.

કૂતરો પાછળથી રસ્તા પર નીકળી ગયો હતો અને ત્યાંથી પસાર થતા લોકો અને દુકાનદારો પર હુમલો કર્યો હતો. ત્યાર બાદ તે નજીકના ગામ તરફ ભાગી ગયો હતો, જ્યાં તેણે પશુઓને પણ બચકાં ભર્યાં હોવાનું મનાય છે. ઘાયલોને બિસૌલીના સામુદાયિક આરોગ્ય કેન્દ્ર (સીએચસી) ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમને રજા આપતા પહેલા હડકવા વિરોધી ઈન્જેક્શન આપવામાં આવ્યા હતા. કેટલાક પીડિતોએ ખાનગી હોસ્પિટલોમાં પણ સારવાર લીધી હતી.

પેજ 3

ફરહાન અખ્તરને 10 કરોડ રૂપિયા પરત કરશે રણવીર સિંહ



મુંબઈ, તા. 22: ‘ડોન 3’માંથી રણવીર સિંહના બહાર થયા બાદ રણવીર અને ફરહાન અખ્તર વચ્ચે ચાલી રહેલા વિવાદમાં એક મોટો વળાંક આવ્યો છે. હવે સમાચાર છે કે ‘ધુરંધર’ સ્ટાર રણવીર સિંહે વિવાદ ખતમ કરવા માટે એક મહત્ત્વનું પગલું ભર્યું છે. રિપોર્ટ અનુસાર, રણવીર સિંહે તેની સાઇનિંગ ફી પરત કરવા માટે સહમતી દર્શાવી છે, જે કથિત રીતે લગભગ 10 કરોડ રૂપિયા હતી. એટલું જ નહીં, રણવીર સિંહે ફરહાન અખ્તરની એક્સેલ એન્ટરટેઈનમેન્ટને તેની આગામી ફિલ્મમાં હિસ્સેદારી આપવાનું પણ વચન આપ્યું છે, જેનું નામ અત્યારે ‘પ્રલય’ રાખવામાં આવ્યું છે. જોકે, હિસ્સેદારીની ટકાવારી હજી સુધી જાહેર કરવામાં આવી નથી.

ટીવી-એક્ટર વિપુલ રોયના ઘરે લાખોની ચોરી



મુંબઈ, તા. 22: ટીવીના પોપ્યુલર શો ‘એફઆઈઆર’માં જોવા મળી ચૂકેલા એક્ટર વિપુલ રોયના ઘરે ચોરીની ઘટના સામે આવી છે. એક્ટરે 21 એપ્રિલના રોજ નજીકના પોલીસ સ્ટેશનમાં પોતાની કામવાળી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, જેના પછી પોલીસે તેની શોધખોળ શરૂ કરી દીધી છે. એક્ટરે નોંધાવેલી ફરિયાદ મુજબ, આ ઘટના 6 એપ્રિલની છે. એક્ટર વિપુલ રોય પત્ની અને પુત્રી સાથે મુંબઈના ખાર વેસ્ટમાં સ્થિત એસવી રોડની કલાનિકેતન સોસાયટીમાં રહે છે. તેમણે 6 એપ્રિલના રોજ પણ અર્બન કંપની દ્વારા દીપાલી સંય ખારવા નામની એક હાઉસહેલ્પને બોલાવી હતી, જેની ઉંમર આશરે 35 વર્ષ હતી. તેને સફાઈનું કામ આપવામાં આવ્યું હતું. દીપાલી તેના ઘરમાંથી રોકડ અને ઘરેણાં મળી 10 લાખ રૂપિયાની ચોરી કરી ફરાર થઈ ગઈ હતી.

‘આ મારી છેલ્લી ફિલ્મ હોઈ શકે છે...’, ડાયરેક્શનમાંથી નિવૃત્તિ લેવાના છે ડેવિડ ધવન?

મુંબઈ, તા. 22: તાજેતરમાં બોલિવૂડમાંથી એક ચોંકાવનારા સમાચાર આવ્યા છે અને ફેન્સ પણ આ જાણીને ખૂબ જ ઇમોશનલ થઈ રહ્યા છે. હકીકતમાં વર્ષોથી કોમેડી ફિલ્મોથી લોકોને રિઝવનારા પ્રખ્યાત ડાયરેક્ટર ડેવિડ ધવને પોતાની કારકિર્દીને લઈને એક મોટો નિર્ણય લીધો છે. ટૂંક સમયમાં જ તેમની ફિલ્મ ‘હૈ જવાની તો ઈશ્ક હોના હૈ’ રિલીઝ થવાની છે, પરંતુ હવે આ ફિલ્મ વધુ ખાસ બની ગઈ છે. એવું એટલા માટે છે કે, ડેવિડ ધવને તાજેતરમાં સંકેત આપ્યો છે કે આ તેમની છેલ્લી ફિલ્મ પણ હોઈ શકે છે.

‘‘હું સમાધાન નહીં કરીશ’’: ચેક બાઉન્સ કેસમાં રાજપાલે કર્યો મોટો ખુલાસો



મુંબઈ, તા. 22: અભિનેતા રાજપાલ યાદવે પોતાની જિંદગીના સૌથી વિવાદાસ્પદ હિસ્સા પર વાત કરી છે. એક્ટર 5 કરોડના દેવાના કેસમાં 12 દિવસ સુધી જેલમાં રહ્યો હતો, જેને લઈને અનેક પ્રકારની હેડલાઇન્સ બની હતી. હવે તેમણે કાયદાકીય મુશ્કેલીઓથી લઈને ગેરસમજણો સુધી, દરેક બાબત પર પોતાનો પક્ષ રાખ્યો છે. એક પોડકાસ્ટમાં રાજપાલ યાદવે કહ્યું કે, આ વાત પૈસા કરતાં ક્યાંય વધુ ઊંડી હતી. આમાં સિદ્ધાંતો, ઇન્ડસ્ટ્રીનું રાજકારણ અને કાયદાકીય ગૂંચવણો સામેલ હતી. યાદવે કહ્યું કે લોકો વિચારે છે કે આટલી બધી ફિલ્મો કરનાર એક્ટર 5 કરોડનું દેવું સરળતાથી ચૂકવી દેત. પરંતુ અસલ મુદ્દાને સમજવા માટે આંકડાઓથી આગળ જોવું પડે છે. આ ક્યારેય પૈસાની અછતનો મામલો નહોતો, પરંતુ સિદ્ધાંતનો હતો.

નેપાળના ગૃહમંત્રી સુદાન ગુરુંગનું રાજીનામું

ભારત સાથેના વેપાર વિવાદે વધાર્યો જનઆક્રોશ

કાઠમંડુ, તા. 22 (PTI): નેપાળના ગૃહમંત્રી સુદન ગુરુંગે બુધવારે તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે - શપથ લીધાના ત્રણ અઠવાડિયાંથી થોડા વધુ સમય બાદ - તેમના કાર્યકાળ દરમિયાન નાણાકીય ગેરરીતિઓના આરોપોનો સામનો કર્યા પછી તેમણે આ નિર્ણય લીધો છે. ગુરુંગ પદ સંભાળ્યાના 24 કલાકની અંદર પૂર્વ વડા પ્રધાન કે.પી. ઓલી અને તત્કાલીન ગૃહમંત્રી રમેશ લેખકને જેલમાં મોકલીને ચર્ચાનું કેન્દ્ર બન્યા હતા. 27 માર્ચે ગૃહમંત્રી તરીકે નિયુક્ત થયેલા ગુરુંગનું રાજીનામું, એક વિવાદાસ્પદ ઉદ્યોગપતિ સાથે તેમના કથિત વ્યાપારિક સંબંધો અને શેરના વ્યવહારોને લઈને વધતી જતી ટીકાઓ વચ્ચે આવ્યું છે.

સરકારના એક આર્થિક નિર્ણયે સામાન્ય નાગરિકોમાં ભારે રોષ જગાવ્યો છે.

સુરત ડીસ્ટ્રીક્ટ, અરેઠ (માંડવી) સબડીસ્ટ્રીક્ટના મોજે મુજલાવના બ્લોક નંબર ૨૨૯ વાળી જમીન બાબતે જાહેર નોટીસ કમ જાહેર ચેતવણી

જત આથી લાગતા વળગતા હરકોઈને જાણ ખાતર આ જાહેર નોટીસ કમ જાહેર ચેતવણી આપી જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીક્ટ, અરેઠ(માંડવી) સબડીસ્ટ્રીક્ટના ગામ મોજે **મુજલાવ** જુના રે.સ.નં. ૧૯૫/૩ ના **નવા બ્લોક નંબર ૨૨૯** અન્વયે નોંધાયેલ ખેતીની જમીન કે જેનું સુમારે ક્ષેત્રફળ હે.આરે.૦-૯૩-૦૦ ચો.મી. છે જેનો ખેડ ખાતા નંબર ૧૯૦ અને આકાર રૂા.૬.૦૫ પૈસા છે તે વિગતની ખેતીની જમીન તથા તેની સાથેના લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ લાગુ રોડ-રસ્તા, ગાડા-કેડાના હકક, હીત, હીસ્સા સહીતની જમીન તથા તે માહે આવેલ ઉભા ઝાડ, બીડ, વાડ, શેઢા, રસ્તા સહિતની કુલ્લે દરોબસ્ત જમીન **મકસુદ મહમદ રાજાએ** પોતાની માલીકીની તથા કબજા વહીવટ અને ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી મકસુદ મહમદ રાજાએ હમારા અસીલને રજી. કબજા સાથેના સાટાખતની રૂએ વેચાણ આપેલ અને જે અંગેનો કબજા સાથેનો સાટાખત મહે. માંડવીના સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં એક નંબરની બુકના અનુક્રમ નંબર ૮૨૫/૨૦૨૪ અન્વયે તા.૦૮/૦૭/૨૦૨૪ના રોજ નોંધાયેલ છે અને સાટાખતમાં જણાવેલ અવેજની રકમ પણ પુરેપુરી ચુકવી આપેલ છે અને સદરહું જમીનનો સ્થળ ઉપર હમારા અસીલનો કાયદેસરનો કબજો અને ભોગવટો ચાલી આવેલ અને હરકોઈની જાણમાં વપરાશ કરતા પણ ચાલી આવેલ છે. મજકુર સંજોગોએ સદર ખેતીની જમીન અંગે હમારા અસીલની જાણ બહાર અને સંમતિ વિના કોઈપણ વ્યક્તિ, ઈસમ, સંસ્થા કે બેંકએ મકસુદ મહમદ રાજા તથા તેમના મેળાપીપણાની હરકોઈ વ્યક્તિઓ જોડે મજકુર જમીનને લગતા વેચાણ, બક્ષીસ, ગીરો કે અન્ય કોઈપણ પ્રકારના લખાણો કરવા-કરાવવા નહી તેમ છતાં જો કોઈ વ્યક્તિ, ઈસમ, સંસ્થા કે બેંક મજકુરનાઓ તમામ જોડે જો કોઈ વ્યવહાર કરશે તો તેઓને મજકુર જમીનોના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ પ્રાપ્ત થશે નહી અને જુદા જુદા કાયદેસરના દિવાની તેમજ ફોજદારી કાર્યવાહીમાં પણ સંડોવાવું પડશે. જેની જાહેર જનતાએ ગંભીર નોંધ લેશો.

(અસીલની સુચના અને ફરમાયેશ મુજબ)

તા. ૨૩/૦૪/૨૦૨૬
ઠેકાણું : બાણ મહોલ્લો, ગામ મોજે ખજોદ, તા. મજુરા,જી. સુરત મો. ૯૫૭૪૬ ૦૪૨૧૬

અંજલ તુલસીદાસ પટેલ
(એડવોકેટ)

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી તમામ જનતાને આ નોટીસ આપી જણાવવાનું કે, જિલ્લોઃ સુરત, તાલુકોઃ ઓલપાડ, મોજે ગામઃ ઓલપાડ ના બ્લોક નંબરઃ ૫૦૨ વાળી બિનખેતીની જમીનમાં આવેલ પ્લોટ નં. આઈ/૧૪૩, આઈ/૧૪૪ અને આઈ/૧૪૫, જે ગામ નમૂના નં. ૭/૧૨ ના દફતરે બ્લોક નં. ૫૦૨/આઈ/૧૪૩, ૫૦૨/આઈ/૧૪૪ અને ૫૦૨/આઈ/૧૪૫ થી નોંધાયેલ છે. જેનું કુલ ક્ષેત્રફળ ૩૩૪.૪૪ ચો.મી. છે સદરહુ મિલકત હાલમાં (૧) રમીલાબેન ગોરધનભાઈ પટેલ, (૨) નિલમબેન ગોરધનભાઈ પટેલ, (૩) હેતલબેન ગોરધનભાઈ પટેલ, તથા (૪) રાજ ગોરધનભાઈ પટેલ, તમામ રહેવાસી સુરતનાઓની સંયુકત સ્વતંત્ર માલિકી, કબજા અને ભોગવટાની હોવાનું તેઓએ જાહેર કરેલ છે અને તેઓએ આ મિલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટ મેળવવાની તજવીજ હાથ ધરેલ છે. જો ઉપરોકત મિલકત પર અન્ય કોઈ વ્યક્તિ, સંસ્થા, બેંક, સહકારી મંડળી કે સરકારી સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, દાવો, બોજો, લિયન, ગીરો હકક, જપ્તી, બક્ષીસ, વારસાઈ હકક, વેચાણ કરાર, સ્ટે ઓડડર કે અન્ય કોઈપણ પ્રકારનો લિટીગેશન હોય, તો તેઓએ આ નોટિસ પ્રસિદ્ધ થયાના ૭ (સાત) દિવસમાં મારા નીચે જણાવેલ સરનામે અસલ પુરાવાઓ સાથે લેખિતમાં જાણ કરવી. જો નિયત સમય મર્યાદામાં કોઈ લેખિત વાંધો આવશે નહીં, તો આ મિલકત તમામ પ્રકારના બોજાઓથી મુકત છે અને તેનું ટાઈટલ ચોખ્ખું અને માર્કેટેબલ છે તેમ માનીને અમારા અસીલને આ મિલકતનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફિકેટ આપી દેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર કે વાંધો ચાલશે નહીં, જેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૨૩/૦૪/૨૦૨૬

ઓફીસ : ૪૧૩, ઓપેરા હાઉસ, મીની બજાર, વરાછા રોડ, સુરત. મો. ૯૮૭૯૯ ૬૬૩૦૭

ઈશ્વર બી. ખેની
તે રમીલાબેન ગોરધનભાઈ પટેલ વિગેરેના એડવોકેટ

વેચાણ/ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ થી જણાવવાનું કે, નિચે જણાવેલ વર્ણન અને વિગત વાળી જમીન/ મિલકત (૧) **હર્ષિદભાઈ દિનેશભાઈ પટેલ, (૨) મોનાકુમારી હર્ષિદભાઈ પટેલ, (૩) બોની હર્ષિદભાઈ પટેલ તથા (૪) સગીર ફેની હર્ષિદભાઈ પટેલ સગીરના વાલી તરીકે હર્ષિદભાઈ દિનેશભાઈ પટેલ,** નાઓએ પોતાની માલીકી, કબજા ભોગવટાની અને ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદર જમીન/મિલકતમાં કોઈપણ વ્યક્તિ કે સરકારી અર્ધસરકારી સંસ્થા નો કોઈપણ પ્રકારનો બોજો, લીયન ચાર્જ યા લાગભાગ, હકક, હિત, હિસ્સો, ઈઝમેન્ટરાઈટસ, વારસા હકક કે દરદાવો, અધીકાર યા વાંધો-વિરોધ, હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં તમામ દસ્તાવેજી પુરાવાઓ સાથે અમારા નીચે જણાવેલ સરનામે સંપર્ક કરવો. મુદ્દત વિત્યે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ, તર-તકરાર, લાગભાગ, હકક, હિત અધિકાર નથી, અને જો હોય તો તે હકક જતા કરેલ છે, વેવ કરેલ છે, તેમ સમજી શુધ્ધબુધ્ધી પુર્વક સદર જમીન/મિલકતનો, પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ યા જરૂરી કરારો મારા અસીલ જોગ કરી-કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો, વિરોધ, દાવા દુવી ચાલશે નહી અને તેની કોઈપણ જવાબદારી મારા અસીલની રહેશે નહી. જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

:: જમીન/મિલકત ની વિગત ::

ડિસ્ટ્રીક્ટ-સુરત, સબ ડિસ્ટ્રીક્ટ-અડાજણ, ના **મોજેગામ-જહાંગીરપુરા,** ના (૧) સર્વે નં.૪૭, **બ્લોક નં.૨૫/ પૈકી ૧, ક્ષેત્રફળ.૫-૮૩-૭૬ ચો.મી.,** જેનો આકાર રૂા.૧૧૯.૧૯ પૈસા તથા (૨) સર્વે નં.૪૬, **બ્લોક નં.૨૫/ પૈકી ૨, ક્ષેત્રફળ.૧-૫૨-૭૭ ચો.મી.,** જેનો આકાર રૂા.૩૪.૩૧ પૈસા વાળી જમીન મળી કુલ્લે ૭૩૬૫૩ ચો.મી. જમીનોને ટી.પી.સ્કીમ નં.૪૬(જહાંગીરપુરા) લાગુ પડતા ઓરીજીનલ પ્લોટ નં.૧૦/એ તથા ૧૦/બી, ફાયનલ પ્લોટ નં.૧૨, ૧૩ તથા ૧૬ આપવામાં આવેલ. જે પૈકી ઓરીજીનલ પ્લોટ નં.૧૦/એ, ક્ષેત્રફળ.૫૭૫૬૬ ચો.મી. વાળી જમીનને ફાળવવામાં આવેલ ફાયનલ પ્લોટ નં.૧૩, ક્ષેત્રફળ.૩૩૩૦૭ ચો.મી. પૈકી પુર્વ-દક્ષિણ દિશા તરફની સબ પ્લોટ નં.૧૩/સી, ક્ષેત્રફળ.૧૨૫૦૩ ચો.મી. યાને ૧૪૯૫૩ ચો.વાર (૭/૧૨ મુજબ ૧૭૭૮૩ ચો.મી) વાળી ખેતીની ખુલ્લી જમીન તથા તેને લાગતા વળગતા હરકોઈ હક્ક, હિત, હિસ્સા સહીત.તા.૨૩/૦૪/૨૦૨૬

અમારી સુચના થી.... (૧) હર્ષિદભાઈ દિનેશભાઈ પટેલ, (૨) મોનાકુમારી હર્ષિદભાઈ પટેલ, (૩) બોની હર્ષિદભાઈ પટેલ, (૪) સગીર ફેની હર્ષિદભાઈ પટેલ સગીરના વાલી તરીકે હર્ષિદભાઈ દિનેશભાઈ પટેલ,

અમારી મારફત
મહેન્દ્ર પટેલ
મૃણાલ ભંડારી | મિલિન્દ પાનવાલા
એડવોકેટ્સ
ઓફીસ : એ/૫૧૦, પાંચમો માળ, તિરૂપતી પ્લાઝા, અઠવાગેટ, સુરત. મો. ૯૯૨૫૭ ૬૧૩૧૪

ડિસ્ટ્રીક્ટ : સુરત, સબ-ડિસ્ટ્રીક્ટ તથા તાલુકો : અબ્રામા, મોજે ગામ : કઠોર જેનો બ્લોક નંબર : ૨૫૨/બ વાળી બીનખેતી પ્રીમયમને પાત્ર સતા પ્રકારની ખેતીની જમીન મિલકત વેચાણ બાબતેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ : સુરત, સબ-ડીસ્ટ્રીકટ તથા તાલુકા : અબ્રામાના, **મોજે ગામ : કઠોર**ના ખાતા નંબર : ૬૨૩, **બ્લોક નંબર ૨૫૨/બ, જેનું ક્ષેત્રફળ હે.આરે ૧-૬૧-૦૯ ચો.મી. બીનખેતી પ્રીમયમને પાત્ર ખેતીની જમીન (૧) મુળજીભાઈ ભાઈલાલભાઈ પટેલ તથા (૨) ભરતભાઈ મુળજીભાઈ પટેલ** નાઓએ તેમની સ્વતંત્ર માલિકીની કબજા, ભોગવટા હેઠળ બીન તકરારી, નકરજી, નબોજી, નકરજી, ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ્સ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણથી આપવા નકકી કરેલ છે, જેથી સદરહું જમીન ઉપર અન્ય કોઈપણ ભાગીદારો, વારસદારો, તમામ હકકદારો, કબજેદારો, કોઈપણ વ્યકિત, ઈસમ, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક/હિસ્સા, દર/દાવા, અપીલ, તર/તકરાર, જપ્તી, અવલ/જપ્તી, લેણું-બોજા, પાવર ઓફ એટર્ની, કબજા કરાર, સોદા ચીઠી, સાટાખત વિગેરે કોઈપણ પ્રકારના હકકો, અધિકારો, લખાણો ચાલી આવેલ હોય,તો તેવા સદર જમીનમાં હિત ધરાવનાર વ્યકિતઓએ તેમના હિત બાબતે કાયદેસરના પુરાવા સહીત સદર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૭ માં હમોને રૂબરૂ લેખીત જાણ કરીને તે અંગેની ખાત્રી કરાવી જવી મુદત વિત્યે તેમ કરવામાં નહિ આવે તો હમારા અસીલ મજકુર જમીન પર કોઈનો કોઈપણ પ્રકારનો હકક, દર, દાવા હિત નથી. અને હોય તો સ્વેચ્છાએ જતા કરેલ છે. તેમ સમજી અમારા અસીલ મજકુર જમીનના હાલના માલીકો સાથે વેચાણ રાખવા અંગેની કાર્યવાહી પુર્ણ કરી જરૂરી તમામ દસ્તાવેજો કરાવીલેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર, દલીલ, દર, દાવા ચાલશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા વળગતા તમામે નોંધ લેવી.

ઓફિસ : ૪૦૮૧, ચોથો માળ, સીલ્વર બીઝનેસ પોઈન્ટ, વી.આઈ.પી. સર્કલ, ઉત્રાણ-કોસાડ રોડ, ઉત્રાણ, સુરત. મો. ૭૮૭૮૨ ૪૦૦૦૨

અખિલ એસ. વેકરીયા
(એડવોકેટ)
(અસીલની સુચના અને ફરમાઈશથી)

મોજે ગામ સુંવાલી, તા.ચોરાસી, જી.સુરતના બ્લોક નં.૫૧૩ તથા ૫૧૪ વાળી જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ ચોરાસી સબ ડીસ્ટ્રીકટ તાલુકો ચોરાસીના મોજે ગામ સુંવાલીના બ્લોક નં. ૫૧૩,જેનો ખાતા નં. ૫૩૪ વાળી જુની શરતની ખેતીની જમીન જેનુ ક્ષેત્રફળ ૦ હેકટર ૨૫ આરે ૨૯ ચો.મી. યાને ૨૫૨૯ ચો.મી. જેનો આકાર રૂા. ૦.૭૫ પૈસા છે તે જમીન તથા સુરત ડીસ્ટ્રીકટ ચોરાસી સબ ડીસ્ટ્રીકટ તાલુકો ચોરાસીના મોજે ગામ સુંવાલીના બ્લોક નં. ૫૧૪, જેનો ખાતા નં. ૫૩૫ વાળી જુની શરતની ખેતીની જમીન જેનુ ક્ષેત્રફળ ૦ હેકટર ૩૬ આરે ૪૨ ચો.મી યાને ૩૬૪૨ ચો.મી. જેનો આકાર રૂા.૧.૧૨ પૈસા છે તે જમીન ના સ્વતંત્ર અને સંપૂર્ણ માલિક, મુખત્યાર, કબજેદાર, ભોગવટેદાર શ્રેયા તે જયંતિલાલ વાઘેલાની પુત્રી અને કલ્પેશ કંથારીયાની પત્નીનાની ચાલી આવેલી છે. તેઓએ મજકુર જમીનનાં ટાઇટલ ચોખ્ખા, માર્કેટેબલ અને બોજામુક્ત હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહુ જમીન બાબતે કોઇનો કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, સંબંધ, દર-દાવો કે તર-તકરાર કે કબજો હોય કે કોઇ સહકારી મંડળી કે સંસ્થાનો બોજો હોય કે કોઇ સંસ્થા કે વ્યકિતના હિત પોષાતા હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત દસ્તાવેજી પુરાવા સહિત હમોને નીચે જણાવેલ સરનામે રૂબરૂ મળવુ. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો મુદત વિત્યેથી સદરહુ જમીનમાં કોઇનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, સંબંધ યા અધિકાર નથી અને હોય તો તે હમારા અસીલની તરફેણમાં જતા યાને વેવ કર્યા છે તેમ માની હમારા અસીલ મુદત વિત્યેથી સદરહુ જમીનનાં વેચાણ અવેજની રકમ ચુકવી કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને તે અંગે પાછળથી કોઇના કોઇપણ પ્રકારના વાંધા,વિરોધ,અવરોધ કે તર-તકરાર ચાલશે નહી અને જો કરશે તો તે આ જાહેર નોટીસથી રદબાતલ ગણાશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી. (તા.૨૩/૦૪/૨૦૨૬)

ઓફિસઃ (મો.નં. ૯૮૨૪૧ ૮૧૩૩૨)
શાંતિલાલ આર. પટેલ,
ગીતા જી. ભગત, રવિ આર. શાહ, પ્રતિક જે. ગાંધી, તન્મય એસ. પટેલ, શશાંક એસ. પટેલ એડવોકેટસ્

શાંતિલાલ આર. પટેલ
તે ખરીદનારનાં એડવોકેટ એન્ડ નોટરી
૧૭, પુનિત શોપીંગ સેન્ટર, રાંદેર રોડ, સુરત.

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ, સુરત સીટી (મજુરા) સબ-ડીસ્ટ્રીકટના મોજે ગામ આભવામાં આવેલ સર્વે નં. ૫૦૬ પૈકી ભાગ-એ(૧) (હાલ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ સર્વે નં. ૫૦૬ પૈકી ૨) વાળી એકર ૨૦-૦ ગુંઠા જમીન પૈકી બીનખેતીની જમીનમાં લે-આઉટ પ્લાન તાલુકા પંચાયત અધિકારીએ મંજુર કરેલા પ્લાન મુજબ પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં.૬૫, ૬૬ થી નોંધાયેલી ખુલ્લી જમીન જેનું ક્ષેત્રફળ અનુક્રમે ૩૩૪.૪૫ સ.ચો.મી. અને ૩૩૪.૪૫ સ.ચો.મી. મળી કુલ્લે ક્ષેત્રફળ ૬૬૮.૯૦ સ.ચો.મી. છે તે પ્લોટ, તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિત ધર્મેશ કિશોરચંદ્ર જરીવાલાએ પોતાની સ્વતંત્ર અને સંપુર્ણ માલીકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી, તથા પ્લોટ નં. ૬૭, ૬૮ થી નોંધાયેલી ખુલ્લી જમીન જેનું ક્ષેત્રફળ અનુક્રમે ૩૩૪.૪૫ સ.ચો.મી. અને ૩૩૪.૪૫ સ.ચો.મી. મળી કુલ્લે ક્ષેત્રફળ ૬૬૮.૯૦ સ.ચો.મી. છે તે પ્લોટ, તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિત સોનલબેન ધર્મેશ જરીવાલાએ પોતાની સ્વતંત્ર અને સંપુર્ણ માલીકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી, સદરહુ પ્લોટોના વેચાણ અંગે કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંકને કોઈપણ પ્રકારના લેખો લખી આપ્યા નથી તેવું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેથી સદરહુ ચારેય પ્લોટો ઉપર કોઈપણ સરકારી કે સહકારી બેંક, સંસ્થા કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, સંબંધ, હિસ્સો કે દરદાવો વિગેરેના હકકો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં અમારા અસીલ વતી અમોને લેખિત વાંધા, પુરાવાઓ સહિત જાણ કરવી. જો તેમ કરવામાં કોઈ ઢીલ કે કસુર થશે તો સદરહુ ચારેય પ્લોટો અંગે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ કે દરદાવો યા ઈઝમેન્ટ કે ખોરાકી-પોષાકીના હકકો નથી અને હોય તો તે જતા યાને વેવ કરેલા છે તેમ માની અમારા અસીલ સદરહુ ચારેય પ્લોટોનો તમામ હકકો સહિતનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

વિવેક નવીનચંદ્ર ઇન્દોરવાલા - સુનીતાબેન એન. ગોટાવાલા
મો.નં.: ૯૮૭૯૭ ૩૫૯૫૮ - મો.નં.૯૧૦૬૮ ૫૯૨૪૯
તે ખરીદનારના એડવોકેટ્સ
ઠેઃ ૮, સોમનાથ સોસાયટી, ભટાર રોડ, સુરત.

ભરૂચ જીલ્લાના હાંસોટ તાલુકાના મોજે ગામ સાહોલના જુના સર્વે નં./બ્લોક નં.- ૧૦, રીસર્વે મુજબ હાલના બ્લોક નંબર ૩૩૬ તેમજ જુના સર્વે નં./બ્લોક નં. ૧૧, રીસર્વે મુજબ હાલના બ્લોક નંબર ૩૩૫ વાળી જુની શરતની ખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

ભરૂચ જીલ્લાના હાંસોટ તાલુકાના **મોજે ગામ સાહોલ** માં આવેલ જુનીશરતની ખેતીની જમીન કે જેનો **જુનો સર્વે નંબર/બ્લોક નંબર ૧૦** હતો અને જેનો રીસર્વે મુજબ હાલનો **નવો બ્લોક નંબર ૩૩૬** બનેલ છે અને જેનો જરાયત વિસ્તાર યાને ક્ષેત્રફળ ૦૦-હેકટર, ૩૨-આરે, ૧૨-ચો.મી. તેમજ પો.ખ.વાંઘા કોતર ૦૦-૦૨-૦૦ ચો.મી. મળી કુલ વિસ્તાર યાને ક્ષેત્રફળ ૦૦-હેકટર, ૩૪-આરે, ૧૨-ચો.મી. થાય છે અને જેનો આકાર રૂપિયા ૦૨-૩૫ પૈસા છે અને જે ખાતા નંબર- ૬૫૨ થી નોંધાયેલ છે તે ખેડ હકકની ખેડ ખાતાની ખેતીની જમીન તેમજ ભરૂચ જીલ્લાના હાંસોટ તાલુકાના મોજે ગામ સાહોલ માં આવેલ જુનીશરતની ખેતીની જમીન કે જેનો **જુનો સર્વે નંબર/ બ્લોક નંબર ૧૧** હતો અને જેનો રીસર્વે મુજબ હાલનો **નવો બ્લોક નંબર ૩૩૫** બનેલ છે અને જેનો જરાયત વિસ્તાર યાને ક્ષેત્રફળ ૦૦- હેકટર, ૧૮-આરે, ૦૮-ચો.મી. થાય છે અને જેનો આકાર રૂપિયા ૦૨-૫૫ પૈસા છે અને જે ખાતા નંબર- ૬૫૧ થી નોંધાયેલ છે તે ખેડ હકકની ખેડ ખાતાની ખેતીની જમીનના સંયુકત માલિક, મુખત્યાર અને કબજેદાર માલિકી હકકથી **(૧) મહેન્દ્રસિંહ હરિસિંહ મહીડા** તેમજ **(૨) કમલ શરદભાઈ પટેલ** બન્ને રહેવાસીઃ સોમેશ્વર એન્કલેવ, સાઉથ ગુજરાત યુનિવર્સિટીની પાસે, ઉધના મગદલ્લા રોડ, સુરતસીટી,સુરતના હોવાનું જણાવીને **હમારા અસીલ દાવજી બીલાલ લીયાકત** રહેવાસીઃ વ્હોરવાડ,કોસાડ ગામ, કોસાડ,સુરતના ને વેચાણ આપવાનું નકકી કરી કિંમતી બ્યાનાની રકમ સ્વીકારેલ છે જેથી સદરહુ જમીનમાં જો કોઇ શખ્સ,ઇસમ કે કોઇપણ વ્યકિતનો કોઇપણ પ્રકારનો લાગભાગ, હકક-હિસ્સો, દર-દાવો કે હરકોઇ પ્રકારના વારસાઇ, ખોરાકી-પોષાકી,આવવા-જવાના,પાણી નિકાલના કે ગણોત હકક કે અધિકાર હોય કે કોઇપણ બેંક કે બેંકીગ જેવી સંસ્થાની કે ખાનગી પેઢીની લોન, બોજો અગર ગીરો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિઘ્ઘ થયેથી દિન-૭ માં હમોને લેખિતમાં પુરાવા સહીત જાણ કરવી તેમ કરવામાં કસુર કર્યેથી મુદત વિત્યા બાદ કોઇનો કોઇપણ પ્રકારનો હકક-હિસ્સા,દર-દાવો કે અધિકાર સદરહુ જમીનમાં નથી અને હોય તો તે જતા કરેલા છે તેવુ શુઘ્ઘબુઘ્ધિ પુર્વક માની હમારા અસીલ સદરહુ બન્ને જમીનનો પુરે પુરો કિંમતી વેચાણ અવેજ ચુકવી સમય મર્યાદામાં પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સદરહુ જમીન માલિકો પાસેથી કરાવી લેશે ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે તેની તમામે નોંધ લેવી. (તા.૨૩/૦૪/૨૦૨૬)

દિલીપસિંહ એમ. મહીડા
તે ખરીદનારના એડવોકેટ અને નોટરી
ઓફિસ : ૧-૨, અપર-ગ્રાઉન્ડ ફ્લોર, મહાવીર એન્કલેવ, કીમ-કઠોદરા રોડ, કીમ(પશ્ચિમ), તા. ઓલપાડ, જી.સુરત. મો. ૯૮૭૯૦ ૮૬૬૮૮